સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ સૂર્ય કાંતનું ગુજરાત હાઈકોર્ટ ખાતે ઉદ્બોધન

કાગળ પરના નિયમો નહી પણ પારદર્શી પ્રક્રિયાથી લોકોનો વિશ્વાસ જીતવો પડશે

અમદાવાદ,શનિવાર

ગુજરાત હાઈકોર્ટમાં લવાદી ન્યાયિક પ્રક્રિયાને વધુ ઝડપી, અસરકારક અને પરિણામલક્ષી બનાવવાના ઉમદા આશય સાથે આજે સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને રાજ્યના મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગુજરાત હાઈકોર્ટ આર્બીટ્રેશન સેન્ટરના નવા અત્યાધુનિક ભવનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

ગુજરાત હાઈકોર્ટ ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરના આર્બીટ્રેશન સેન્ટરના નવા અત્યાધુનિક ભવનનો શિલાન્યાસ સમારોહ યોજાયો

આજના વિશેષ કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિપુલ એમ. પંચોલી, જસ્ટિસ નિલય વી. અંજારિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે વધુમાં જિલ્લી, નવી ટિજિટલ સુવિધાઓ ભારતની વિવાદ નિવારણ વ્યવસ્થાને વધુ સક્ષમ અને ભરોસાપાત્ર બનાવશે. નવું આર્બીટ્રેશન ભવન આંતરરાષ્ટ્રીયી અને સ્થાનિક સ્તરના સાધકોને વિવાદોના નિરાકરણ અને લવાદી કેસોના સમાધાન ઝડપી અને કુશળ મધ્યસ્થીઓ દ્વારા થઈ શકે તે માટે ઉત્તમ વાતાવરણ પૂરું પાડશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ પદેથી બોલતાં સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ સૂર્ય કાંતે જણાવ્યું હતું કે, આપણે મોટા કાગળ પરના નિયમોથી નહી પરંતુ પારદર્શક પ્રક્રિયા દ્વારા પક્ષકારો (નાગરિકો)ને વિશ્વાસ જીતવો પડશે. આપણે વિશ્વ સ્તરના આર્બીટ્રેશન હબ તરીકે ઉભરી આવીએ તે માટે ભારતે આર્બીટ્રેટર્સની ગુણવત્તા, તાલીમ અને અત્યાધુનિક ટેકનોલોજીમાં રોકાણ કરવું અનિવાર્ય છે.

નવા અત્યાધુનિક આર્બીટ્રેશન સેન્ટરમાં કઇ કઇ સુવિધા હશે...??

નવા આંતરરાષ્ટ્રીય સ્તરના આ અત્યાધુનિક આર્બીટ્રેશન સેન્ટરમાં ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડના ૧૬ આર્બીટ્રેશન કોન્ફરન્સ રૂમો, જેમાં દરેક સાથે બે બ્રેક-આઉટ રૂમની વિશેષ વ્યવસ્થા, મીડિઅશન રૂમ-વિવાદોના સમાધાન માટે ૭ અલગ અલગ મીડિઅેશન રૂમ, ઓડીઆર(ઓનલાઇન વિસ્પ્યૂટ રિઝોલ્યુશન) સીસ્ટમ કે જેનાથી દૂર મેઠા બેઠા પણ પક્ષકારો ન્યાયિક પ્રક્રિયામાં જોડાઇ શકશે. નવા આર્બીટ્રેશન સેન્ટરશાખ્નિચ થયા બાદ આઇટ ઓફ કોર્ટ સેટલમેન્ટ તેમ જ આર્બીટ્રેશન પ્રક્રિયાને નવુ બળ, વેગ અને દિશા મળશે તો કોર્ટ પરના કેસોનું ભારણ ઘટાડવામાં પણ મદદ થશે.

સેન્ટર, આધુનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની અત્યાધુનિક સેવાઓ ઉપલબ્ધ હશે. આ નવા ભવનના નિર્માણથી ગુજરાતમાં સ્થપ્રદાકીય વિવાદો ખાસ કરીને લવાદી કેસોના ઝડપી અને અસરકારક નિકાલ માટે એક નવું પ્લેટફોર્મ તૈયાર થશે, જે કોર્ટ પરના કેસોનું ભારણ ઘટાડવામાં મદદરૂપ બનશે.

આ નવા આર્બીટ્રેશન સેન્ટરના શિલાન્યાસની સાથે સાથે ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે આજથી ઈન્ડીટ્યુશનલ આર્બીટ્રેશન એટ એ ક્લોસરોડ વિષય પર બે દિવસ કોન્ફરન્સનો પણ પ્રારંભ થયો હતો. આ પ્રસંગે આર્બીટ્રેશન સેન્ટરના નવા લોગોનું અનાવરણ કરવાની સાથે સાથે કેન્ટનની રિ-ડિઝાઇન કરાયેલી વેબસાઇટ અને ન્યુઝલેટરનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

કિડાણામાં ચાર ઈસમો દ્વારા કરેલા ગેરકાયદેસર વીજ કનેકશન કાપી દેવાયા

ગાંધીધામ, તા ૨૮

ગાંધીધામનાં કિડાણામાં રહેતા ગુનાહિત ઈતિહાસ ધરાવતા ચાર ઈસમો દ્વારા પોતાના રહેણાંક મકાનમાં કરેલા ગેરકાયદેસર વીજ કનેકશનને વહીવટી તંત્ર દ્વારા કાપી દેવામા હતા અને તેમના સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હતી.

વેરહાઉસમાં વિદેશી દારૂની ચોરી કરનાર ત્રણ ઈસમો અને સોશિયલ મીડિયામાં જાનથી મારી નાખવાની ધમકી આપનાર શખ્સ સામે કાર્યવાહી

આ બાબતે મળતી વિગતો પ્રમાણે ગાંધીધામનાં વેરહાઉસમાં ઘુસી અને હોંગકોંગથી આવેલો વિદેશી બ્રાંડેડ શરાબનો જથ્થો રાખેલો હતો. જે શરાબ બંધ પડેલા એસ.આર. બ્રધર્સના વેરહાઉસમાં ઘૂસી દીવાલમાંથોડું પાડી રૂ. ૧૪,૨૦૦ કિંમતની કુલ ૨૪૦ દારૂની બોટલો ચોરી કરનારા સજન ઉંકેમોસલીમ ઉર્ફે ભુરો અમદ કકલ, ઇમરાન નુરમામદ ચાવડા અને ઉંમર ઉર્ફે ભુરો કાસમ ચાવડાનાં ગાંધીધામ કિડાણા મધ્યે આવેલા રહેણાંક મકાન બાબતે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે તપાસ કરતા માલુમ પડ્યુ હતું કે, ત્રણેય આરોપીએ મુખ્ય વીજદાતાઈનમાં ગેરકાયદેસર રીતે વીજ વાયર લગાડી વીજ ચોરી કરી રહ્યાછે. જેથી તાત્કાલિક પોલીસે બનાવ અંગે પી.જી.વી.સી.એલને જાણ કરતા તેમના અધિકારીઓ દ્વારા સ્થાનિકે પોતાની ટીમ મોકલી ત્રણેય આરોપી સલીમ, ઇમરાન અને ઉંમરનાં રહેણાંક મકાનમાં કરેલા ગેરકાયદેસર વીજ કનેકશન કાપવા કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે ગાંધીધામ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સજાના વોરંટમાં ૬ માસથી ફરાર નખત્રાણાનો આરોપી ઝડપાયો

ભુજ, શનિવાર

નખત્રાણા કેમિલી કોર્ટના સજાના વોરંટમાં છ માસથી નાસતા ફરતા આરોપીને સ્થાનિક પોલીસે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ નખત્રાણા પોલીસની ટીમે મુળ ભુજ તાલુકાના સુખપર ગામના હાલ નખત્રાણાના નવા નગરમાં રહેતા વિકમસિંહ ગાભુભા ઝાલા (ઉ.વ.૪૩)ને સામ્રાઝ ટોલ નાકા પાસેથી પકડી પાડ્યો હતો. આરોપી ગુનાના સમે નખત્રાણા કેમેલી કોર્ટના સજાના વોરંટમાં છ માસથી નાસતો ફરતો હોઇ આરોપીને ઝડપી પાડીને કોર્ટના સજાના વોરંટની બજવણી કરી આરોપીને પાલારા જેલમાં મોકલી આપ્યો હતો.

ખાવડામાં ધડાકાથી યુવક સહિત બે ગંભીર ઘાયલ

ભુજ, શનિવાર

ભુજ તાલુકાના ખાવડા ખાતે આવેલા પ્રણવનગર નજીક કોલીવાસમાં એકાએક ધડાકો થતાં યુવક અને બાળકને ગંભીરપ્રકારની ઈજાઓ પહોંચતા ભુજની જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ટોટા ફુટવાથી બનાવ બન્યો હોવાનું પ્રાથમિક તારણ

જાણવાં મળતી વિગતો મુજબ આજેસાંજે સાતવાગ્યાના અરસામાં કોલીવાસમાંઆ ઘટના બનવા પામી હતી. અજાણ્યા પ્રદાર્થ અચાનક ફાટતાંઆ બનાવમાં ૨ વર્ષીય રામા શંભુભાઈ કોલી અને ચાર વર્ષિય ભાવેશ અરવિંદભાઈ કોલીને ઈજાઓ પહોંચી હતી. બન્નેને ભુજની જનરલ હોસ્પિટલમાંદાખલ કરવામાંઆવ્યા છે. આ બનાવમાં રામા કોલીને પગના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓપહોંચીહતી. ખાવડા પોલીસના જણાવ્યા પ્રમાણે આજેસાંજેઆ ઘટના બનવા પામી હતી. કોઈટોટા ફુટવાથી આ ઘટના બની હોવાનું પ્રાથમિક તારણછે. સ્થળ પર એંધારપટ હોવાથી હાલ કંઈ જાણી શકાય તેમ નથી. આવતીકાલે સ્થળ પર પોલીસ તપાસ કરીને કયો પદાર્થ હતો તે જાણવા પ્રયાસ કરશે. હજુસુધી કોઈ મહત્વની કડી મળવા પામી નથી. ઉલ્લેખનીયએ છે કે, અગાઉ પણ ખાવડા તેમજ ભુજ ખાતે વણફુટેલા સેલ મળી આવ્યા હતા જેમાં ભુજ શહેરના હમીરસર તળાવ તેમજ માધાપર પાસે સેલ ભંગારીયાઓ કોઇલતા ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી ત્યારે આજેબનેલી ઘટનામાંએ જ સેલ છે કે કેમ તે તપાસનો વિષય બની રહ્યો છે. હાલમાં ગંભીર રીતે ઘવાયેલો યુવક અંધમાન્યમાં હોવાથી વિગતો જાણી શકાઈ નથી.

મુંદરાના ચકચારી લૂંટ કેસમાં પકડાયેલા ત્રણ આરોપીઓ ૭ દિવસના રિમાન્ડ પર

ભુજ, શનિવાર

મુંદરાના બારોઈ રોડ પર જવેલર્સની દુકાનમાં લૂંટનો પ્રયાસ કરીને ક્રાયરિંગ કરવાના કેસમાં પશ્ચિમ કચ્છ પોલીસે અલગ અલગ વેશ ધારણ કરીને ભાગેડુ ત્રણ આરોપીઓને રાજસ્થાન મધ્ય પ્રદેશથી બે દેશી કટ્ટા અને કારતૂસ સાથે ઝડપી પાડ્યા બાદ શનિવારે ત્રણે આરોપીઓને સાથે રાખીને મુંદરા પોલીસ દ્વારા ઘટનાનું રીક્ન્ટ્રશન અને ઓળખ પરેડ કર્યા બાદ મુંદરાની કોર્ટમાં ૧૨ દિવસના રિમાન્ડ માટે રજુ કરીને સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

મુંદરા પોલીસે આરોપીને સાથે રાખી ઓળખ પરેડ તથા ઘટનાનું રીકન્ટ્રકશન કર્યુ

પશ્ચિમ કચ્છ એલસીબી, મુંદરા સહિતની ટીમે ૧૪ દિવસ સઘન મહેનત અને અલગ અલગ વેશધણા અપનાવીને આરુકયારી લૂંટ કેસના ભાગેડુ આરોપીઓ પ્રાપ્ત વિગતો મુજબ મુંદરાના લૂંટના ચકચારી બનાવમાં ભાગેડુ આરોપીઓમાં મુખ્ય આરોપી મધ્ય પ્રદેશના સતિષ સોરણસિંગ ચિકરવાલ, રાજેશ ઉર્ફે પ્રદેશ મોન્ટુ નરેશભાઈ ગુજ્જર, ઉત્તરપ્રદેશના યુસુફ ઉર્ફે ટલ્લે સરીફખાન નામના ત્રણ આરોપીઓને મધ્ય પ્રદેશ રાજસ્થાનથી ઝડપી પાડ્યા હતા. આ ગુનામાં વધુ બેક આરોપીનું નામ ખુલ્યું હતું. એલસીબીએ આરોપીઓના કબ્જામાંથી બે દેશી કટ્ટા અને બે કારતુસ કબ્જે કરીને મુંદરા પોલીસને હવાલે કર્યા હતા. મુંદરા પોલીસે શનિવારે આરોપીઓને સાથે રાખીને ઓળખ પરેડ તેમજ ઘટનાનું રીકન્ટ્રકશન કરીને ત્રણેય આરોપીઓને ૨ દિવસના રિમાન્ડની માગણી સાથે મુંદરા કોર્ટમાં રજુ કર્યા હતા. જ્યાં અદાલતે ત્રણેય આરોપીઓના ૭ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. મુંદરા પોલીસે આરોપીઓ પાસેથી વધુ વિગતો ઓકાવવા જીણવટભરી તપાસ હાથ ધરી છે.

ટ્રસ્ટ સરકારી હોસ્પિટલમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટની સારવાર ઉપલબ્ધ

અમદાવાદ, શનિવાર

કોક્લિયર ઈમ્પ્લાન્ટની સારવાર જન્મજાત બહેરા બાળકો માટે આશીર્વાદરૂપ છે. છ વર્ષનું બાળક જો બોલતું કે સાંભળતું ન હોય તો તેને નજીકની સિવિલ હોસ્પિટલમાં લઈ જવું જોઈએ તેમ જણાવતા વિધાનસભા ખાત આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ ઉમેર્યું કે, રાજ્યમાં આઠ જેટલી સરકારી હોસ્પિટલોમાં જન્મજાત બહેરા ધરાવતા બાળકો માટે કોક્લિયર ઈમ્પ્લાન્ટની સુવિધા આપવામાં આવે છે. જેમાં સિવિલ હોસ્પિટલ, અસારવા અને જી. એમ. ઈ. આર. એસ., સોલા, અમદાવાદ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર, જી.જી. હોસ્પિટલ, જામનગર, પી. ડી. યુ., સિવિલ હોસ્પિટલ, રાજકોટ, નવી સિવિલ હોસ્પિટલ, સુરત, એસ.એસ.જી હોસ્પિટલ, વડોદરા અને સર તખતસિંહજી હોસ્પિટલ, ભાવનગરનો સમાવેશ થાય છે.

રાજકોટમાં ડીજીજીઆઈનું મોટું ઓપરેશન

રાજકોટમાંથી બોગસ બિલિંગનું રૂા. ૫૪૫ કરોડનું કૌભાંડ પકડાંયુ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શનિવાર

ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સના અધિકારીઓએ રાજકોટમાં ચાલતું બોગસ બિલિંગનું રૂા. ૫૪૫ કરોડનું કૌભાંડ પકડી પાડ્યું છે. આ કૌભાંડ કરનારાઓએ રૂા. ૧૦૨.૨૫ કરોડની ગેરકાયદે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી લીધી છે. આ કૌભાંડના સંદર્ભમાં જીનીન સાકરિયા અને વૈભવ બોરીચાની ધરપકડ પણ કરવામાં આવી છે. તેમણે ૨૩ બોગસ પેઢીઓ ઉભી કરીને ગેરકાયદેસર ઈનપુટ ટેક્સક્રેડિટ મેળવી લીધી હતી.

રૂા. ૧૦૨ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી લેનારા જતીન સાકરિયા અને વૈભવ બોરીચાની ધરપકડ કરી

ડીજીજીઆઈના અધિકારીઓએ આ કૌભાંડના સંદર્ભમાં અનેક જગ્યાએ દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન જતીન સાકરિયા અને વૈભવ બોરીચા પાસેથી સંખ્યાબંધ વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા. તેમના મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ જપ્ત કરી લેવામાં આવ્યા હતા. આ ઉપરકણોની તપાસ કરવામાં આવશે. માલનો સપ્લાય કર્યા વિના જ તેમણે બોગસ બિલ બનાવ્યા હતા. આ રીતે અંદાજે રૂ. ૫૪૫ કરોડના બોગસ બિલ બનાવ્યા હતા. કોઈ ભળતી વ્યક્તિના નામે પેઢીઓ શરુ કરી દેવામાં આવી હતી.

આ ત્રેવીસ પેઢીઓના વહેવારો પર નજર નાખતા તેમાં બહુજ મોટી ગરેરીતિઓ હોવાનું જોવા મળ્યું હતું. આ પેઢીઓનું સંચાલન જતીન સાકરિયા કરતો હતો. આ પેઢી જીએસટી રજિસ્ટ્રેશન મેળવી લેતી હતી અને બોગસ ઈન્વોઈસ લેનારી કંપનીઓના સંકલનમાં જ રિટર્ન ફાઈલ કરતી હતી. તેઓ તેને માટે બોગસ ટેક્સ ઈન્વોઈસ પણ ઈશ્યુ કરતાં હતા. તેમને ગેરકાયદે ઈનપુટ ટેક્સક્રેડિટ પાસ કરી દેતા હતા.

વૈભવ બોરીચા નાણાંકીય વહેવાર સાચવતો હતો. વૈભવ ફંડ રૂટ કરવાની કામગીરી કરતો હતો. કમિશન કાપી લીધા પછી બાકીની રકમ રોકડીથી પરત કરી દેવાની કામગીરી વૈભવ કરતો હતો. નાણાંની હેરફેર કરવા માટે આંગડિયા પેઢીઓનો ઉપયોગ કરવામાં આવતો હતો.

બંને સાગરિતો મળીને ગેરકાયદે ઈનપુટ ટેક્સક્રેડિટ મેળવતા હતા. તેને માટે બિલ બનાવતા હતા, પરંતુ માલનો સપ્લાય કરતાં નહોતા. બોગસ ઈનપુટ ટેક્સક્રેડિટના કેટલાક નાણાં વિદેશ પણ ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ વિદેશી વ્યક્તિ કોણ છે તની તપાસ ચાલુ છે. આ ગુના માટે ગુનેગારોને પાંચ વર્ષની જેલની સજા અને દંડ થઈ શકે છે. જતીન સાકરિયા અને વૈભવ બોરીચાની ધરપકડ કરીને તેમને કોર્ટમાં રજુ કરી દેવામાં આવ્યા છે.

૬ વર્ષની બાળા પર દુષ્કર્મ કેસમાં ઝડપથી ચુકાદો

ગાંધીધામ, તા ૨૮

પૂર્વ કચ્છ જિલ્લામાં ૬ વર્ષની સગીર બાળા પર દુષ્કર્મના ગંભીર ગુનામાં નોંધાયેલા કેસમાં ન્યાયાલયે ઝડપી કાર્યવાહી કરતાં આરોપીને ૨૦ વર્ષની કઠોર કેદની સજા ફટકારી છે. બનાવની ગંભીરતા ધ્યાનમાં રાખી કેસની તપાસ તથા પુરાવા એકત્રિત કરી માત્ર ૪૩ દિવસમાં ચાર્જશીટ કોર્ટમાં સબમીટ કરી ગુનો નોંધાયાનાં ૨૪૦ દિવસની અંદર આરોપીને સજા ફટકારમાં આવી છે.

માત્ર ૪૩ દિવસમાં ચાર્જશીટ સબમિટ કરી ૨૪૦ દિવસમાં ટ્રાયલ પૂર્ણ, કોર્ટ આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી

આ બાબતે મળતી વિગતો પ્રમાણે ગત ૨૦-૬-૨૦૨૫ના રોજ ૬ વર્ષીય સગીર બાળા સાથે દુષ્કર્મ થયાની ફરિયાદ ભાલાસર પોલીસ મથકે નોંધાઈ હતી. ગુનો નોંધાતા ગુનાની સંવેદનશીલતા જોઈ પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી. જે ગુનામાં જરૂરી સાક્ષીઓના નિવેદનો, વૈજ્ઞાનિક પુરાવા અને અન્ય દસ્તાવેજ પુરાવા એકત્રિત કરી પી. આઈએમ.એન. દવે માત્ર ૪૩ દિવસમાં ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી હતી. જેમાં કોર્ટ ગુનાનું ઝડપી ટ્રાયલ પૂર્ણ કરી આરોપી મ્યુદાસ ઉર્ફે હંગાભાઈ નીલાભાઈ કોળીને દોષિત ઠેરવી ગુનો નોંધાયાના લગભગ ૨૪૦ દિવસની અંદર અંતિમ ચુકાદો આપવામાં આવ્યો હતો. જે ઝડપી ન્યાયની દિશામાં મહત્વપૂર્ણ ગણાય છે. ડેસની સુનાવણી દરમિયાન સાક્ષીઓની તપાસ, મેડિકલ રિપોર્ટ તથા અન્ય તકનીકી પુરાવાઓને ધ્યાનમાં રાખી તેમજ સરકારી વકીલ ડી. એસ. જોશીની દલીલો આપીને કોર્ટે આરોપીને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ તથા પોક્સો કાયદા હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫,૦૦૦ દંડની સજા ફટકારી દીધી. જિલ્લામાં ગંભીર ગુનાઓમાં ઝડપી તપાસ અને સમયબદ્ધ ટ્રાયલ દ્વારા પીડિતાને ન્યાય અપાવવાનો આદાખલો નોંધપાત્ર માનવામાં આવી રહ્યો છે.

ANMEDABAD DIST. CO-OP. MILK PRODUCERS' UNION LTD.
"Uttam Dairy", Opp. Ramdevpir Temple,
Nr.N.M. Padaliya Pharmacy College, Sarkhej-Bavla Highway
Road, Navapura-382210, Tal. Sanand, Dist-Ahmedabad.

TENDER NOTICE FOR PEST CONTROL ANNUAL SERVICE CONTRACT

Ahmedabad Dist. Co-op. Milk Producers' Union Ltd, UTTAM DAIRY Invites offlineTenders from technically and financially sound competent and experienced service cotractor / service provider for the pest control treatment service for the year 2026-27. Tender from will be available from our cash office at Uttam Dairy, above address against payment of Rs. 2000/- + 18% GST = Rs. 2360 in cash as a tender fee (non-refundable) between 11.00 am to 4.00 pm from dated 02/03/2026 to dated 09/03/2026 (Excluding Holidays). Details of EMD, Scope of work, terms and conditions are available in tender copy. Last Date of submission of tender is 09-03-2026 up to 5:00 pm. Management reserves the right to reject any or all the tenders without assigning any reason thereof.

Date :- 27/02/2026 I/C Managing Director

SBI ભારતીય સ્ટેટ બેંક
સુરેન્દ્ર એસ્ટેટ એક્સેસ્ટેન્શન રાસ્તા, સોલા મહા, જુનું એલ્યુમિની હિલ્ટોપ, લાવ ગરાજ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ઈ-મેલ: tam3samb.ahm@sbi.co.in, cbi.04199@sbi.co.in
સરફેસી ઈ-હરાજી - સ્થિતિ યાર્ડ આઈટેક લિમિટેડ
અનામત કિંમત : ૨૪.૭૬ કરોડ
હરાજીની તારીખ : ૧૩.૦૩.૨૦૨૬
કોમર્શિયલ પ્લોટ, ગામ-સમલાયા, આણંદ રોડ, ઝ્રહ્લાઝ્રમારીજ તપોવનમ પાસે, રાજપલોન.
એસેટ્સ : ૩૪૦૫૩ ઓ.મી. અથવા ૨૦૮૩૪.૨૮ ચો.ફૂટ
વધુ માહિતી માટે મુલાકાત લો - www.sbi.co.in, અને https://baanknet.com/eauction-psbi/x-login અથવા સંપર્ક કરો ફોન: 7600038903, 9704557261
તારીખ : ૦૧.૦૩.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી
બોલીદારનો QR Code

જોઈએ છે
શ્રી ટી એમ એસ જે એન્ડ શાહ એમ એમ આઈ હોસ્પિટલ સંચાલિત સમર્પણ હોસ્પિટલ પાલનપુર ખાતે તાત્કાલિક ધોરણે જોઈએ છે.
ફુલ ટાઈમ ફીઝીશીયન - M.D.(Medicine) - 1
10 દિવસમાં ૩બડ્ડ જરૂરી સર્ટિફીકેટ સાથે સંપર્ક કરો અથવા બાયોડેટા eyemmtmsj@gmail.com ઉપર મેઈલ કરો.
શ્રી શૈલેષ એસ. મહેતા ટ્રસ્ટશ્રી
સમર્પણ હોસ્પિટલ
ગર્લ્સ કાઈસ્કુલની બાજુમાં, સુરેશ મહેતા રોડ, મહાવીર દરવાજા, પાલનપુર - ૩૮૫૦૦૧. ફોન : ૦૨૭૪૨-૨૫૨૩૫૩

Change of Name
I **Chavan Mehulkumar Narsinhbhai** Res. 216, Chavan Wada, Palansva, Kutch shall henceforth be known as **Chavan Mehul Narsinh** vide affidavit No. 280 Swaran before Ramesh B. Mehta dtd, 14.02.2026.

SBI ભારતીય સ્ટેટ બેંક | આર.એ.સી.પી.સી, એમ એમ હોસ્પિટલ પાસે, પ્લોટ નં. ૯, ડીસી-૩, આદીપુર (ગાંધીધામ) | **ઈ-હરાજી વેચાણ નોટીસ**

સરફેસી એકટ હેઠળ સ્થાવર મિલ્કતોની વેચાણ નોટીસ ◆ APPENDIX IV-A-[SEE PROVISO TO RULE 8(6)]

સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ હેઠળ સ્થાવર/અસ્થાવર મિલ્કતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨) ની કલમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાણે લેતા આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તાઓ અને ગેરેન્ટરોને ખાસ કરીને નોટીસ આપિને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર/અસ્થાવર મિલ્કતો સુરક્ષિત લેણદારને તારણમાં/ગીરો કરેલ છે. તેનું ભારતીય સ્ટેટ બેંકના અધિકૃત અધિકારી દ્વારા સંકેતિક/પ્રત્યક્ષ (નીચેના ટેબલ મુજબ) કબજો મેળવી લીધેલ છે. અને સદર મિલ્કતો "**જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે તેના આધારે**"બેંક નાં બાકી લેણાંની વસુલાત માટે, નીચે જણાવેલ શરતોને આધિન **તા.૧૫-૦૩-૨૦૨૬** ના રોજ ઈ-હરાજીથી વેચાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ક્રમ નં.	મિલ્કતનું વર્ણન	વસુલાતની રકમ	કબજાનો પ્રકાર/તારીખ	રેવાદાર/ડમરકેદર્સ/ભાગીદાર/પ્રોપરાઈટર/ગીરોદાર/ગીરવેદારનું નામ	માલિકી હક્ક ધરાવનારનું નામ	રીઝર્વ પ્રાઈઝ/ઈમેન્ડી/બિડ વધારાની રકમ (લાખમાં)	નિરીક્ષણ તારીખ અને સમય
૦૧	રે.સ.નં. ૧૪૨, સબ પ્લોટ નં. ૩૬/બી, મેરિન પ્લોટ નં.૩૬, પાર્શ્વનાથનગર, ગ્રીન સીટી, વધિમાનનગર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૦૭-૦૯-૨૦૨૦ મુજબની રકમ **રૂા.૯,૨૩,૫૪૧/-** અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબ્જો ૦૭.૦૧.૨૦૨૧	રાકેશ ડાયાભાઈ સુચક	રાકેશ ડાયાભાઈ સુચક	RS.5,95,000/- RS.59,500/- RS.10,000/-	તા.૦૬-૦૩-૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી
૦૨	રે.સ.નં. ૧૪૨, સબ પ્લોટ નં.૦-૮૧/ડી, પ્લોટ નં.૮૦ અને ૮૧, પાર્શ્વનાથનગર, ગ્રીન સીટી, વધિમાનનગર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૦૭-૦૯-૨૦૨૦ મુજબની રકમ **રૂા. ૬,૮૮,૫૨૮/-** અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબ્જો ૨૬.૧૦.૨૦૨૪	નીતીન ઉમર્શી ભાનુશાલી	નીતીન ઉમર્શી ભાનુશાલી	RS.5,95,000/- RS.59,500/- RS.10,000/-	તા.૦૬-૦૩-૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી
૦૩	રે.સ.નં.૧૩૮, સબ પ્લોટ નં.૨૨/એ, મેરિન પ્લોટ નં.૨૨, પાર્શ્વનાથનગર, ગ્રીન સીટી, વધિમાનનગર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૧૩-૧૦-૨૦૨૦ મુજબની રકમ **રૂા.૯,૧૪,૭૧૭/-** અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબ્જો ૧૭.૧૧.૨૦૨૪	ટીપાલીબેન રમેશભાઈ ગુસાઈ	ટીપાલીબેન રમેશભાઈ ગુસાઈ	RS.5,44,000/- RS.54,400/- RS.10,000/-	તા.૦૬-૦૩-૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી
૦૪	રે.સ.નં. ૧૪૨, સબ પ્લોટ નં.૮૦-૮૧/આઈ, મેરિન પ્લોટ નં.૮૦ અને ૮૧, પાર્શ્વનાથનગર, ગ્રીન સીટી, વધિમાનનગર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૧૫-૦૫-૨૦૧૯ મુજબની રકમ **રૂા.૯,૨૯,૮૧૩/-** અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબ્જો ૨૩.૦૯.૨૦૧૯	ચંદુગીરી જેન્તીગીરી ગોસ્વામી	ચંદુગીરી જેન્તીગીરી ગોસ્વામી	RS.5,95,000/- RS.59,500/- RS.10,000/-	તા.૦૬-૦૩-૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી
૦૫	રે.સ.નં. ૧૪૨, સબ પ્લોટ નં.૬૮/બી, મેરિન પ્લોટ નં.૬૮ પાર્શ્વનાથનગર, ગ્રીન સીટી, વધિમાનનગર રોડ પાસે, નવા વાસ, ગામ : માધાપર, તા.ભુજ, જી.કચ્છ	તારીખ ૦૧-૦૭-૨૦૨૨ મુજબની રકમ **રૂા.૮,૭૯,૬૦૮/-** અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ	પ્રત્યક્ષ કબ્જો ૦૨.૧૦.૨૦૨૪	રજનીકાંત સેવંતીલાલ ગિરધરાની	રજનીકાંત સેવંતીલાલ ગિરધરાની	RS.6,60,250/- RS.66,025/- RS.10,000/-	તા.૦૬-૦૩-૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી

ઈ-હરાજીની તારીખ અને સમય : ૧૬/૦૩/૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૪.૦૦ કલાક, પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો સ્વ ધરાવતા ઉમેદવારોને ભાગ લેવા માટેના પત્ર/ઉપયોગી દસ્તાવેજ/ઈમેન્ડી મુક્ત જો પુરાવો ઈ-ઓક્શન બંધ થયા તે પહેલા **BAANKNET.COM (PSB Alliance)** માં પ્રી-બિડ **EMD** જમા કરાવી રા